# મ્યુકર માઈકોસીસને મહામારી ગણવાના સરકારના આદેશ

**જિલ્લામાં મ્યુકર માઈકોસીસના ઈન્જેક્શન માટે ૪ સભ્યોની સમિતિ રચાઈ**

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં મ્યુકર માયકોસીસના રોગને મહામારી ઘોષિત કરી છે.

એપીડેમિક ડીસીઝ એક્ટ ૧૯૮૭ અન્વયે આ રોગને મહામારી તરીકે જાહેર કરવાનો આજે મળેલ કોર કમીટીમાં નિર્ણય લેવામાં આવ્યો છે.

દરમ્યાન જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ જિલ્લામાં આ મહામારીમાં દવા માટે વપરાતા ઈન્જેક્શન માટે તજજ્ઞ ડૉક્ટરોની એક ટીમ રચી અને જે દર્દીને જરૂર હોય તેણે ૪ વાગ્યા પહેલાં જરૂરી વિગતો સાથે આ માટે ઈ.મેલ mucoinjectiongnr@gmail.com પર હોસ્પિટલના અધિકૃત વ્યક્તીની સહિ સાથે અરજી મોકલવાની રહેશે.

નાયબ કલેક્ટર જમીન સુધારણાના અધ્યક્ષપદે ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. યોગેશ ગજ્જર, ડૉ. શશી મુદ્રાનો સમાવેશ થાય છે.

બીજી તરફ મ્યુકર માઈકોસીસની દવાઓની કાળા બજારી કરતા ૮ ઈસમોને ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ પકડી પોલીસને હવાલે કર્યાના અહેવાલો પણ મળ્યા છે.

# મહાત્મા મંદિરની કોવિડ હોસ્પિટલ આગામી સપ્તાહના આરંભથી કાર્યરત થશે

**૯૦૦ બેડની હોસ્પિટલમાં ૨૨૦થી વધુ વેન્ટીલેટર બેડની પણ વ્યવસ્થા : ૫૦ ટનની ઓક્સીજન ટેન્ક : સીવીલના દર્દીઓને ક્રમશઃ નવી હોસ્પિટલમાં ખસેડાશે અને સીવીલ હોસ્પિટલને નોનકોવિડ હોસ્પિટલ તરીકે ઝડપથી કાર્યરત કરાશે**

ગાંધીનગર, તા. ૨૦

મહાત્મા મંદિર ખાતે બનાવવામાં આવેલ ૯૦૦ બેડની હોસ્પિટલ આગામી સપ્તાહના આરંભથી કાર્યરત થઈ જાય તે દિશામાં ચક્રો ગતિમાન થયા છે.

રાજ્યના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે, જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય, મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ સહિતના ઉચ્ચ અધિકારીઓએ આ નવી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

આ નવી બનાવાયેલ હોસ્પિટલમાં ૨૨૦ થી વધુ વેન્ટીલેટર બેડની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. ૫૦ ટનની ઓક્સીજન ટેન્ક પણ રાખવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આજે આ હોસ્પિટલની મુલાકાત દરમ્યાન તમામ સિવિલ વર્ક પૂર્ણ થઈ ગયુ હોવાથી તાકીદે તે હોસ્પિટલ કાર્યરત કરવામાં આવે તેમ આરોગ્ય કમિશનરે જણાવ્યુ હતુ.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર સિવિલના સ્ટાફને ત્યાં પ્રતિનિયુક્તી આપવામાં આવશે. હાલ ગાંધીનગર સિવિલ હોસ્ટિપલમાં જે કોવિડના દર્દીઓ છે તેમને પણ ધીમે ધીમે ખસેડવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આ પછી નોન-કોવિડ હોસ્પિટલ તરીકે ઝડપથી કાર્યરત થાય તે પણ જોવામાં આવશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ડી.આર.ડી.ઓ. દ્વારા આ હોસ્પિટલ બનાવવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અમદાવાદ આવ્યા ત્યારે તેમણે આ જાહેરાત કરી હતી જે ઉલ્લેખનીય છે. મહાત્મા મંદિર ખાતેની હોસ્પિટલમાં તાત્કાલિક એક-બે વોર્ડ શરૂ કરાશે અને પછી તે ફુલફ્લેજ હોસ્પિટલ બની જશે.

# વાવાઝોડાના અંતે વનતંત્ર હવે જોખમી વૃક્ષો અંગે પણ સર્વે કરશે

ગાંધીનગર તા ૨૦

શહેરમાં વાવાઝોડા દરમિયાન સેંકડો વૃક્ષો ધરાશાયી થયા છે. જયારે વાવાઝોડાની અસરથી કેટલાક ઠેકાણે વૃક્ષો નમી પડેલી જોખમી હાલતમાં છે. ત્યારે આગામી વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને વનતંત્ર દ્વારા આવા જોખમી વૃક્ષો અંગે સર્વે કરી તેને દુર કરવામાં આવશે. અગાઉ પણ શહેરમાં ઉભા સુકા વૃક્ષો દુર કરાયા હતા. જયારે તોફાની પવનમાં કેટલાક ઠેકાણે વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ હજુ લટકતી જોવા મળી રહી છે. જયારે તોતિંગ વૃક્ષો નમી પડ્યા હોવાનુ પણ ધ્યાને આવે છે.

શહેરમાં વાવાઝોડાની અસરથી સેંકડો વૃક્ષો જમીનદોસ્ત થયા છે. જયારે વનતંત્રની ટીમ આડશ બનેલા વૃક્ષોને દુર કરવા માટે કામે લાગી છે. શહેરમાં આમ પણ વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થાય છે. જયારે વાવાઝોડા દરમિયાન નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ અનેક ઠેકાણે વૃક્ષો જમીન દોસ્ત થયેલા નજરે પડે છે. હાલ મોટાભાગના ઠેકાણેથી વૃક્ષો દુર કરવાનુ કામ તંત્રએ પુર્ણ કરી દીધુ છે. જયારે સેકટરોમા અન્ય બાકી રહેતા વૃક્ષોને પણ દુર કરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો સહીત વન આરક્ષિત વિસ્તારમાં પણ હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે આ વૃક્ષોને અનુલક્ષી વનતંત્ર દ્વારા અવારનવાર ઉભા સુકા ભયજનક વૃક્ષો દુર કરવા માટે સર્વે હાથ ધરવામાં આવે છે. ચોમાસુ નજીક છે. ત્યારે વાવાઝોડાના લીધે શહેરમાં અનેક ઠેકાણે કેટલાક વૃક્ષો નમી પડેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. જયારે કેટલાક ઠેકાણે વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ નમી પડેલી જોખમી હાલતમાં જોવા મળે છે.

ત્યારે આગામી વરસાદી દિવસો દરમિયાન પણ આવા જોખમી વૃક્ષો જાનલેવા પુરવાર ન થાય તે માટે વનતંત્ર દ્વારા ભયજનક વૃક્ષોને અનુલક્ષી સર્વે હાથ ધરવામાં આવશે. વૃક્ષો દુર કરવાની કામગીરી સાથે શહેરમાં આ પ્રકારના ભયજનક વૃક્ષોને પણ માર્કીંગ કરવામાં આવશે. શહેરમાં અગાઉ પણ અંદાજિત ૩૦૦ જેટલા ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જો કે આ વૃક્ષો સુકા હતા જયારે આગામી દિવસોમાં પણ સુકા અને ભયજનક વૃક્ષો દુર કરાશે.



પ્રકૃતિનું સૌંદર્ય - ગાંધીનગરમાં ગ્રીષ્મ ઋતુમાં પ્રાકૃતિક સૌંદર્ય ખીલી ઉઠ્યું છે... રંગબેરંગી ફુલોનો નજારો શહેરના વાતાવરણને વધુ સુંદરતા આપે છે... ચ-માર્ગ અને ઘ-માર્ગ તથા સરકીય હાઉસ સર્કલ પર ગ્રીષ્માં ગરમાળો, ગુલમહોર અને વૈવિધ્ય પુષ્પો ખીલી ઉઠે છે... ગાંધીનગરમાં પ્રાકૃતિક વૈભવ માણવાની જ મજા છે... લીલાછમ વૃક્ષો અને રંગબેરંગી ફુલોથી મઘમઘતા માર્ગો પર વહેલી સવારે મોર્નિંગ વૉક કે સમી સાંજે ઈવનીંગ વૉક એક લ્હાવો બની જાય છે... ચાલો આપણે પણ આ વૈભવને માણીએ....

# સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ ફાધર એન્થોની ક્રુઝનુ કોરોનાથી નિધન

ગાંધીનગર તા ૨૦

કોરોનાના કાળચક્રમાં રોજ બરોજ જાહેરજીવના અગ્રણીઓ મોતને ભેટી રહ્યા હોવાનુ પ્રકાશમાં આવતા નગરજનો પણ આઘાતમાં સરી પડયા છે. કાતિલ કોરોનાના લીધે નગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલના પ્રિન્સિપાલ ફાધર એન્થોની ક્રુઝનુ નિધન થયુ છે. ૫૭ વર્ષીય ફાધર એન્થોની કોવિડ સામેનો જંગ હારી ગયા છે. તેમના અવસાનથી ઝેવિયર્સના વિદ્યાર્થીઓ , શિક્ષકો તેમજ વાલીઓ સહીત નગરના અગ્રણીઓએ ઘેરા શોક સાથે દુખની લાગણી વ્યકત કરી છે.

કાળમુખા કોરોનાએ અનેકનો જીવ લીધો છે. ગાંધીનગરમાં પણ સંક્રમિત દર્દીઓનો મૃત્યુઆંક ઉંચો છે. નગરમાં જાહેર જનજીવનના અગ્રણીઓ પણ કોરોનાના લીધે મોતને ભેટયા છે. રોજબરોજ કોરોના આમ નાગરિકોને આંચકો આપી કાતિલ હોવાનો પરચો આપે છે. ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલના પ્રિન્સિપાલ ફાધર એન્થોની ક્રુઝ કોરોના સામેની જંગ હારી ગયા છે. ૫૭ વર્ષીય ફાધર એન્થોની ક્રુઝને કોરોનાનુ સંક્રમણ લાગતા સારવાર માટે અમદાવાદ સ્થિત હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જયારે તા ૧૯ મેં ના રોજ તેમનુ દુખદ અવસાન થયુ છે. નગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલના ફાધર ટુંકા સમયગાળા દરમિયાન જ વિદ્યાર્થીઓમાં અનોખી



લોકચાહના મેળવી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં તેમણે વિશેષ આદરભાવ પણ મેળવ્યો હતો. જયારે સ્કુલના શિક્ષકો પણ તેમના સતત માર્ગદર્શન થી પ્રભાવિત હતા. સાલસ, નિખાલસ સ્વભાવ ધરાવતા ફાધર એન્થોનીની વિદાયથી સેન્ટ ઝેવિયર્સ પરિવારને મોટી ખોટ પડી છે. પરિવારજનોમાં પણ ઘેરા શોક સાથે દુખની લાગણી વ્યાપી છે. નગરના અગ્રણીઓ અને ખ્રિસ્તી પરિવારોએ તેમના અવસાનથી દુખની લાગણી વ્યકત કરી છે. શાળા પરિવાર તેમજ શૈક્ષણિક વર્તુળે પણ આઘાત અનુભવ્યો છે. નગરના અગ્રણીઓ તેમજ વિદ્યાર્થી વાલીઓએ પણ તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે.

# જિલ્લાના સંક્રમણમાં મોટો ઘટાડો : ૧૦૯ નવા કેસ નોંધાયા

**ગાંધીનગર-૧૫, દહેગામ-૨૧, માણસા-૧૫ અને કલોલમાં ૭ કેસ નોંધાયા : સે. ૧૨ માં ૮, સે. ૭ માં ૫, સે. ૨૭ માં ૪, સે. ૧૩, ૨૨,૨૫, ૩૦ માં ૩-૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણના ઘટાડાએ હવે ગતિ પકડી છે. જિલ્લામાં આજે ૧૦૯ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૫૮ અને શહેરી વિસ્તારમાં ૫૧ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ૪૫ દિવસ બાદ કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હોવાથી તંત્રએ રાહત અનુભવી છે. દહેગામ અને માણસામાં સંક્રમણ સ્થિર થયાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. જિલ્લામાં નોંધાયેલ એક દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૨૧, ગાંધીનગરમાં ૧૫, માણસામાં ૧૫ અને કલોલમાં ૭ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૯ મહિલા દર્દીઓ સામેલ છે. ૪ દર્દી ૨૦ થી ઓછી વય ધરાવે છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૧૨ ખેડૂત, ૩ કર્મયોગી, ૬ વિદ્યાર્થી તેમજ નાના વેપારી અને ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે.

દહેગામમાં નોંધાયેલા આજે ૨૧ કેસ છે જેમાં દહેગામ અર્બનમાંથી ૩ કેસ, ગ્રામ્ય વિસ્તાર બારડોલી કોઠી, કડજોદરા, મીઠાના મુવાડા, મિરજાપુર, પાલુન્દ્રામાંથી ૨-૨ કેસ ઉપરાંત ડેમલિયા, ભ્માટાઈ, દેવ મુવાડા, લાલુજીની મુવાડી, બાવલાની મુવાડી, ચિસકારી, પાટનાકુવા, બાબરા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે પણ ૧૫ કેસ નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દશેલા, ટીંટોડા, રૂપાલ, દંતાલી ગામેથી ૨-૨ કેસ તેમજ મોટી આદરજ, સરઢવ, મોટા ચિલોડા, વાસણ, મુબારકપુરા, અડાલજ, શેરથા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૭ કેસ નોંધાયા છે. તાલુકાના ભવપુરા ગામેથી આજે એક સાથે પાંચ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ ઉપરાંત બોરીસણા અને હિંમતપુરા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૧૫ કેસ નોંધાયા છે. તાલુકામાં કેસોની સંખ્યામાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર મહુડી અને પુંધરા ગામેથી આજે ૨-૨ કેસ ઉપરાંત આજોલ, બાપુપુરા, વિહાર, અનોડિયા, લોદરા, સોજા, ધોળાકુવા, ચડાસણા, દેલવાડા, પાટણપુરા અને વેડા ગામેથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સુધર્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૭૧૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ૬૦૬૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કેસોના ઘટાડાનો ટ્રેન્ડ આજે પણ યથાવત્ રહેવા પામ્યો છે. શહેરમાં આજે વધુ ૫૧ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૩ કેસ સેક્ટરોમાં અને ૮ કેસ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી મળી આવ્યા છે. સેક્ટરોમાં શહેરના અન્ય વિસ્તારોમાં થોડાક કેસો વધુ મળ્યા છે. જે સેક્ટરો અગાઉ પણ હોટ સ્પોટ હતા તેમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

## જિલ્લામાં ચેપરેટ ઘટીને ૫ ટકાએ પહોંચ્યો

ગાંધીનગર જિલ્લામાં ૪૫ દિવસ બાદ કોરોનાનો ચેપરેટ ઘટીને ૫ ટકાએ પહોંચ્યો છે. આ ચેપરેટ ૯ થી ૧૦ ટકા સુધી પહોંચી ગયો હતો. છેલ્લા ૨૩ દિવસથી ગાંધીનગર શહેરમાં રાત્રિ કરફ્યુ અને દુકાનો જે બંધ હતી તેને કારણે કોરોનાની ચેઈન તોડવામાં સફળતા મળી છે. ચેપરેટ પાંચ ટકા પર છેલ્લા થોડાક દિવસોથી સ્થિર જરૂર થયો છે પણ તેમાં હજુ ઘટાડો થશે તેમ તંત્રના સૂત્રોનું વિશ્વાસપૂર્વક કહેવુ છે.

## ૪ દિવસના વિરામ બાદ વેક્સિનેશન અભિયાનનો મિશ્ર પ્રતિસાદ

૪ દિવસના વિરામ બાદ આજથી શરૂ થયેલ વેક્સિનેશનના અભિયાનમાં આજે ગ્રામ્ય વિસ્તારમાં થોડોક મોળો પ્રતિસાદ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લાના ૨૫ કેન્દ્રો પર આજે વેક્સિનેશન અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ અને ૯૩૪ જેટલા લાભાર્થીઓએ જ લાભ લીધો હતો. ગાંધીનગર શહેરમાં આજે રસીકરણ અભિયાનને સારો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં ૧૮+ યુવાઓએ રસીકરણ માટે સારો ઉત્સાહ દાખવ્યો હતો. જો કે ૪૫+ માટે નિયત કરાયેલ કેન્દ્રો પર પણ આજે સવારથી લાઈનો જોવા મળી હતી. શહેરમાં ડ્રાઈવ થ્રુ વેક્સિન અંગે પુનઃ તેને કાર્યરત કરવા અંગેનો નિર્ણય હમણાં લેવાયો નહિ હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં રસીકરણ અભિયાનને ગતિ આપવા પર આજે ખાસ ભાર મુકતી સૂચનાઓ પણ આપવામાં આવી છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધારે હોવાથી થોડીક ગતિ ધીમી જરૂર પડી હોવાનું તંત્રના સૂત્રો આડકતરો એકરાર કરી રહ્યા છે.


**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડિસ્ટ્રીક્ટ-સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર તા. ગાંધીનગર મોજે આલમપુર સર્વે નં. ૧૮ (જૂનો સર્વે નં. ૧૧), પ્લોટ નં. ૭ વાળી મિલકત પ્રફુલાબેન વિક્રમસિંહ વાઘેલાની સ્વતંત્ર માલિકીની છે અને સદર મિલકત તેમણે કમુબેન માણેકજી સોલંકી પાસેથી તા. ૩૦.૧૦.૨૦૧૭ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૬૭૫૭થી વેચાણ રાખેલ છે.

સદર મિલકત ઉપર કોઈ મોર્ગેજ, લેણું, ચાર્જ, પીયત, બોજો, સોલવંશી ના હોવાનું જણાવી અમારી પાસેથી ટાઈટલ ક્લીયર સર્ટિફિકેટની માંગણી કરેલ છે. તેથી ઉપરોક્ત મિલકતમાં કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો ઈત્યાદિ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન સાતમાં અમોને ઉપરના સરનામે લેખિત નકલ વાળા પુરાવા સહિત રજીસ્ટર પોસ્ટ એડીથી જાણ કરવી અન્યથા મુદત વીતેથી અમો સદર મિલકતનું ટાઈટલ ક્લીયર સર્ટિફિકેટ ઈસ્યુ કરીશું અને ત્યારબાદ કોઈને કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેની નોંધ લેશો.

**પોરમી શેઠ,**
**એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ**
૬, સુષ્મા ફ્લેટ, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, મ્યુનિસિપલ મેદાનની સામે, અમદાવાદ-૩૮૦૦૦૯

Seal

**તા. : ૨૦.૦૫.૨૦૨૧**


# ગાંધીનગર સહિત ૩૬ શહેરોમાં ૯થી ત્રણ સુધી વેપાર-ધંધાને છૂટ

ગાંધીનગર, તા. ૨૦

કોરોના વાયરસની બીજી લહેરમાં ગુજરાતની હાલત કફોડી બની ગઈ હતી. જેના કારણે રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ અને નિયંત્રણો રાખવામાં આવ્યા હતા. જોકે, હવે પરિસ્થિતિમાં સતત સુધારો થઈ રહ્યો છે અને કેસની તથા મૃત્યુની સંખ્યા પણ સતત ઘટી રહી છે. જેને ધ્યાનમાં રાખતા રાજ્ય સરકારે આ નિયંત્રણોમાં છૂટછાટ આપી છે.

વિજય રૂપાણીએ ૨૧થી ૨૭ મે સુધી વેપાર-ધંધાને છૂટ આપવાની જાહેરાત કરી છે. ગુજરાતમાં ૨૧ મેથી એટલે કે આવતીકાલથી નિયંત્રણો ધરાવતા ૩૬ શહેરોમાં સવારે ૯ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખી શકાશે. મુખ્યમંત્રીએ પીપાવાવમાં આ જાહેરાત કરી હતી.

કોરોના વાયરસની બીજી લહેરમાં ગુજરાતની હાલત કફોડી બની ગઈ હતી. જેના કારણે રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ અને નિયંત્રણો રાખવામાં આવ્યા હતા. જોકે, હવે પરિસ્થિતિમાં સતત સુધારો થઈ રહ્યો છે અને કેસની તથા મૃત્યુની સંખ્યા પણ સતત ઘટી રહી છે. જેને ધ્યાનમાં રાખતા રાજ્ય સરકારે આ નિયંત્રણોમાં છૂટછાટ આપી છે.

રૂપાણીએ ૨૧થી ૨૭ મે સુધી વેપાર-ધંધાને છૂટ આપવાની જાહેરાત કરી છે. ગુજરાતમાં ૨૧ મેથી એટલે કે આવતીકાલથી નિયંત્રણો ધરાવતા ૩૬ શહેરોમાં સવારે ૯ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખી શકાશે. જોકે, રાત્રિ કર્ફ્યૂ યથાવત રાખવામાં આવ્યો છે, તેમાં કોઈ છૂટછાટ આપવામાં આવી નથી. ગુજરાતમાં રાત્રિ કર્ફ્યૂ અને નિયંત્રણોની સમય મર્યાદા ૧૮ મેએ પૂરી થતી હતી પરંતુ રાજ્યમાં ત્રાટકેલા તૌકતે વાવાઝોડાના કારણે તેને ૨૧ મે સવારે છ વાગ્યા સુધી લંબાવવામાં આવ્યા હતા. સમયથી નાના વેપારીઓ તરફથી માંગ કરવામાં આવી રહી હતી કે તેમને વેપાર-ધંધા કરવામાં થોડી છૂટ આપવામાં આવે. પરંતુ કોરોનાના કહેરને ધ્યાનમાં રાખતા રાજ્ય સરકારે તેમાં કોઈ છૂટ આપી ન હતી.

**૩૬ દિવસ સુધી કોરોના સામે જંગ લડ્યા પછી**

# સચિવાલયના નિષ્ઠાવાન નાયબ સચિવ, 'કોરોના વૉરિયર' હરેશ પરમારનું કોરોનાને કારણે નિધન

**દવાઓ, ઓક્સિજન, બાય પેપ, વેન્ટિલેટર પછી મ્યૂકર માયકોસિસના લક્ષણો દેખાયા**

ગાંધીનગર, તા. ૨૦

સચિવાલયના એક નિષ્ઠાવાન-પ્રમાણિક અને






લોકપ્રિય નાયબ સચિવ હરેશભાઈ માવજીભાઈ પરમાર કોરોના સામે ૩૬ દિવસ જંગ લડ્યા પછી પરાજિત થઈ ગયા છે. બુધવારે, તા. ૧૯મી મે એ યુ.એન. મહેતા હોસ્પિટલમાં જ તેમનું દુઃખદ નિધન થયું છે. હરેશભાઈ પરમાર સાચા અર્થમાં 'કોરોના વૉરિયર' હતા. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગત ૧૫મી ઑગસ્ટે ગાંધીનગરમાં ધ્વજવંદન સમારોહ પછી હરેશભાઈ પરમારને 'કોરોના વૉરિયર' તરીકે સન્માનિત કર્યા હતા. મિત્રોમાં 'હરિભાઈ'ના હુલામણા નામે જાણિતા હરેશભાઈ પરમારના નિધનના સમાચારો આજે સચિવાલયમાં વહેતા થતા ઊંડા આઘાત અને શોકનું વાતાવરણ વ્યાપી ગયું હતું.

નાણા વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી કેડરમાં ફરજ બજાવતા હરેશભાઈ પરમાર નાણા સલાહકાર (મહેસુલ વિભાગ) તરીકે કાર્યરત હતા. તેમણે સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવીને પોતાની નિષ્ઠા અને પ્રમાણિકતાથી લોકપ્રિયતા હાંસલ કરી હતી.

નાણા વિભાગ પહેલાં હરેશભાઈ પરમાર આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા હતા. ગુજરાતમાં કોરોનાનો પહેલો કેસ નોંધાયો ત્યારથી તેઓ આરોગ્ય વિભાગમાં વિવિધ જવાબદારીઓ સંભાળતા હતા. ઉપ સચિવ તરીકે હરેશભાઈ પરમારે જ તા. ૧૩ મી માર્ચ, ૨૦૨૦ ના રોજ ગુજરાતમાં કોરોનાના આગમનનું પહેલું નોટીફિકેશન બહાર પાડ્યું હતું. કોવિડના પરિપત્રો, હૂકમો, વિગતો જેવી કામગીરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના 'ગ' શાખામાં થાય છે. કોરોનાના પહેલા વેવમાં હરેશભાઈ પરમાર અને તેમના નેતૃત્વમાં 'ગ' શાખાના અન્ય અધિકારીઓ-કર્મચારીઓ સતત મોડી રાત સુધી કામ કરતા હતા. તેમની સેવાઓની કદર કરીને જ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિએ તેમના સન્માન માટે નામ સૂચવ્યું હતું, અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ 'કોરોના વૉરિયર' તરીકેનું સન્માનપત્ર અર્પણ કરીને હરેશભાઈ પરમારનું બહુમાન કર્યુ હતુ.

અત્યારે નાણા વિભાગના ડેપ્યુટી સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હરેશભાઈ કોરોના સંક્રમણનો ભોગ બનતાં તેમને યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેમની સઘન સારવાર ચાલી રહી હતી, આમ છતાં તેમનું શરીર પોઝિટીવ રિસ્પોન્સ નો'તું આપતું અને દિવસો દિવસ તેમની તબિયત વધુ લથડતી જતી હતી.

ઓક્સિજન, બાયપેપ અને વેન્ટિલેટરના તમામ તબક્કાઓ પછી પણ હરેશભાઈ પરમારની તબિયતમાં સુધારો નો'તો થતો. છેલ્લે છેલ્લે તો મ્યૂકર માયકોસિસના લક્ષણો પણ જોવા મળ્યા હતા. તબીબોના અથાગ પ્રયત્નો અને પરિવારજનો-મિત્રો-સ્નેહીજનોની પ્રાર્થનાઓ પછી પણ ૩૬ દિવસ સુધી કોરોના સામે જજૂમ્યા પછી હરેશભાઈ વૉરિયર જંગ હારી ગયા હતા. બુધવારે રાત્રે વાવાઝોડા પછીની સાંજે ગાંધીનગરાઓ શાંત સાંજ માણી રહ્યા હતા ત્યારે હરેશભાઈ પરમારનો દેહ શાંત થઈ ગયો હતો અને તેમના પરિવારજનો-મિત્રોમાં દુઃખનું વાવાઝોડું તાઉ'તે કરતાં પણ વધુ વિનાશક સાબિત થયું હતું.

હરેશભાઈ પરમાર ઓછા બોલા અને સ્વભાવે શાંત હતા. હળવું સ્મિત સદાય તેમના ચહેરા પર રહેતું. રાજેશ ખન્નાના અનન્ય ચાહક એવા હરેશભાઈ પરમાર 'આનંદ' બાબુની જેમ તમામ મિત્રો-પરિવારજનો અને સાથી કર્મચારીઓ-અધિકારીઓને શોક સંતપ્ત છોડી ગયા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com